**માન.ધારાસભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર)**

**અગ્રતા–૫**

**પ્રશ્ન–૧:** બકરા એકમ સ્થાપવાની યોજના હેઠળ છેલ્લા એક વર્ષ દરમિયાન સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જનજાતીની કેટલી મહિલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**અને મારો બીજો પ્રશ્ન છે, કે**

એક બકરાં એકમ સ્થાપવા કેટલો ખર્ચ થાય છે? અને તે પૈકી લાભાર્થીએ કેટલો ફાળો ભોગવવાનો રહે છે?

**જવાબ:** **માન. અધ્યક્ષશ્રી**

**પ્રસ્તાવના**

પશુપાલન વ્યવસાયમાં બકરાં પાલન વ્યવસાય નાના ખેડૂતો તથા જમીન વિહોણા ગરીબ માટે આવકનો એકમાત્ર સ્ત્રોત બની રહે છે કારણકે ગુજરાત રાજ્યમાં વિષમ હવામાન – આબોહવાવાળા વિસ્તારો કે જ્યાં અન્ય વર્ગના પાલતું પશુ જેવા કે ગાય અને ભેંસ સહેલાઇથી પાળી શકાતાં નથી તેવા વિસ્તારોમાં બકરાં પાલનનો વ્યવસાય સરળતાથી થઇ શકે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

રાજ્યના આર્થિક રીતે નબળા વર્ગના લોકો, અનુ.જાતી વર્ગના લોકો તથા આદિજાતી મહિલાઓ બકરાપાલન કરી પોતાનું ગુજરાન ચલાવી આર્થિક રીતે સધ્ધર થાય તેમજ શુધ્ધ સંવર્ધન થકી ઓલાદ સુધારણા થાય તે હેતુસર સરકારશ્રી દ્વારા લાભાર્થીઓ માટે બકરા એકમ સ્થાપના(૧૦+૧) સહાયની યોજના અમલીકૃત કરેલ છે.

**માન. સભ્યશ્રીના પ્રશ્ન એકના જવાબમાં સાબરકાંઠા** જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જનજાતીની મહિલાઓને ચુકવેલ સહાયની વિગતો જણાવુંતો..

- **ઇડર**તાલુકામાં **એક (૧)લાભાર્થીને** રૂપિયા **૪૫ હજાર**ની સહાય
- **ખેડબ્રહ્મા**તાલુકામાં **ચાર (૪) લાભાર્થીઓને** રૂપિયા**૧ લાખ ૮૦હજાર**ની સહાય
- **પોશિના** તાલુકામાં **નવ (૯) લાભાર્થીઓને** રૂપિયા**૪ લાખ ૫હજાર**ની સહાય
- **વિજયનગર** તાલુકામાં **એકસો ઓગણ પચાસ (૧૪૯)લાભાર્થીઓને** રૂપિયા **૬૭ લાખ ૫હજારની** સહાય
- **તલોદ**, **પ્રાંતિજ** અને **વડાલી** તાલુકામાં આ સમયગાળા દરમિયાન કોઈ અરજી મળેલનથી.
- જ્યારે **હિંમતનગર** તાલુકામાં આ સમયગાળા દરમિયાન એક પણ અરજી મંજુર થયેલ નથી.

**આમ, કુલ એકસો ત્રેસઠ (૧૬૩) લાભાર્થીઓને રૂપિયા ૭૩ લાખ ૩૫ હજારની સહાય ચુકવવામાં આવી.**

**માન. અધ્યક્ષશ્રી**

**માન.સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં** એક બકરાં એકમ સ્થાપવા અંગે થતા ખર્ચ અને લાભાર્થીના ફાળા વિષે **જણાવુ તો....**

- **બકરાંની ખરીદી માટે થતો ખર્ચ જણાવુ તો,**

  ૧ બકરીના**રૂ. ૪ હજાર** લેખે **કુલ ૧૦ બકરીની** ખરીદી માટે **રૂપિયા ૪૦ હજાર** તેમજ ૧ નર બકરાંના રૂપિયા **૫ હજાર** મુજબ એકમના **બકરાંની ખરીદી માટે કુલ: રૂપિયા ૪૫ હજારનો** ખર્ચ થાય છે.

- **લાભાર્થીના ફાળા પેટેના ખર્ચની વિગતો જણાવુ તો,**

  ખોરાક–પાણીના સાધનો માટે **રૂ. ૪ હજાર ૫૦૦**

  રહેઠાણ અને ફેન્સીંગ માટે **રૂ. ૯ હજાર**

  ઘાસચારો અને ખાણદાણ માટે **રૂ. ૨૭ હજાર**

  દવાનો ખર્ચ માટે **રૂ. ૨ હજાર ૨૫૦**

  અન્ય પરચૂરણ ખર્ચ માટે **રૂ. ૨ હજાર ૨૫૦**

  એમ કુલ મળી રૂ. ૪૫ હજાર લાભાર્થીએ પોતાના ફાળા પેટે ખર્ચ કરવાના થાય છે.

**માન. અધ્યક્ષશ્રી**

આમ, **એક બકરાં એકમ** સ્થાપવા માટે **કુલ રૂ.૯૦ હજારનો** ખર્ચ થાય છે. તેમાંથી ખર્ચના **૫૦ ટકા** એટલે કે **રૂપિયા ૪૫ હજારની** સહાય આપવામાં આવે છે.

**માન.ધારાસભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ)**

**અગ્રતા –૫**

**પ્રશ્ન :૨** બકરા એકમની સ્થાપનાની યોજના હેઠળ સહાય મેળવવા માટેની પધ્ધતિ શું છે ?

**જવાબ:** **માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં** યોજના હેઠળ સહાય મેળવવા માટેની તબક્કાવાર પધ્ધતિ **જણાવું તો..**

**અરજી કરવા માટેની પધ્ધતિમાં જણાવુ તો,**

આઇ.ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ લઇ અરજીમાં સહી /અંગુઠાનું નિશાન લગાવી જરૂરી સાધનીક દસ્તાવેજો સાથે અરજીમાં દર્શાવેલ કચેરી(પશુ દવાખાના)એ રજૂ કરવાની રહે છે. અથવાસહી / અંગુઠાનું નિશાન કરેલ અરજીની પ્રિન્ટ આઉટ તથા જરૂરી સાધનીક દસ્તાવેજો સ્કેન કરી ઓનલાઈન અપલોડ કરી શકાય છે. અરજી થયા અંગેની જાણ એસ.એમ.એસ. દ્વારા પશુપાલકના મોબાઈલ નંબર પર થાય છે.

**અરજી ઈનવર્ડ (નોંધણી) કરવા માટેની પધ્ધતિમાં જણાવુ તો,**

તાલુકા પશુચિકિત્સા અધિકારી દ્વારા ઉપરોકત અરજીઓને આઇ.ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન ઈનવર્ડ (નોંધણી) કરવામાં આવે છે.

**અરજીની પાત્રતા/બિન–પાત્રતા કરવા માટેની પધ્ધતિમાં જણાવુ તો,**

તાલુકા પશુચિકિત્સા અધિકારી ઉપરોકત ઈનવર્ડ (નોંધણી) થયેલ અરજીના દસ્તાવેજોની ભૌતિક રીતે ચકાસણી કરી તેની પાત્રતા અને બિન પાત્રતા નક્કી કરી અરજીઓ જિલ્લા પશુપાલન અધિકારીને મોકલી આપે છે. આ અરજીઓની જિલ્લા પશુપાલન અધિકારી દ્વારા ઓનલાઈન પાત્રતા અને બિન પાત્રતા કરવામાં આવે છે.

## **ઓનલાઇન ડ્રો કરવા માટેની પધ્ધતિમાં જણાવુ તો,**

પાત્રતા ધરાવતી અરજીઓના પશુપાલન નિયામકની કચેરી દ્ધારા દિવ્યાંગ અને અતિપછાત કેટેગરીના રાજ્ય કક્ષાના ઓનલાઇન ડ્રો કરી દિવ્યાંગ અને અતિપછાત લાભાર્થીઓની પસંદગી યાદી તૈયાર કરવામાં આવે છે.જયારે દિવ્યાંગ અને અતિપછાત કેટેગરીના લાભાર્થીઓ સિવાયની અરજીઓની પસંદગી માટે જિલ્લા કક્ષાએ જિલ્લા પશુપાલન અધિકારીઓ દ્ધારા ઓનલાઇન ડ્રો કરી લાભાર્થીઓની પસંદગી યાદી તૈયાર કરવામાં આવે છે.

## **અરજીની મંજુરી આપવા માટેની પધ્ધતિમાં જણાવુ તો,**

દિવ્યાંગ અને અતિપછાત કેટેગરીના રાજ્ય કક્ષાના ઓનલાઇન ડ્રોના પસંદગી યાદી મુજબના લાભાર્થીઓ તેમજ જિલ્લા પશુપાલન અધિકારીઓ દ્ધારા જિલ્લા કક્ષાએ કરેલ ઓનલાઇન ડ્રોની પસંદગી યાદી મુજબના તમામ લાભાર્થીઓની અરજીઓની ઓનલાઇન મંજુરી જિલ્લા પશુપાલન અધિકારીઓ દ્ધારા કરવામાં આવે છે. અરજી મંજુર થયા અંગેની જાણ એસ.એમ.એસ. દ્ધારા પશુપાલકના મોબાઇલ નંબર પર થાય છે.

## **કલેઇમ સબમિટ અને વેરીફીકેશન માટેની પધ્ધતિમાંજણાવુ તો,**

લાભાર્થીએ અરજી મંજુર થયાના ૯૦ દિવસની સમયમર્યાદામાં બકરાં એકમની સ્થાપના કરી ખર્ચ અંગેના તમામ સાધનિક કાગળો સાથે તાલુકા પશુચિકિત્સા અધિકારીને કલેઇમ સબમિટ કરવામાં આવે છે. જેની ભૌતિક ચકાસણી તથા એકમની સ્થળ ચકાસણી કરી તાલુકા પશુચિકિત્સા અધિકારી દ્ધારા તમામ સાધનિક કાગળો સાથેની ભૌતિક દરખાસ્ત જિલ્લા પશુપાલન અધિકારીને મોકલવામાં આવે છે. જિલ્લા પશુપાલન અધિકારી દ્ધારા ઉક્ત અરજીના ઓનલાઇન કલેઇમ અને વેરીફેકેશનની કામગીરી કરવામાં આવે છે.

**લાભાર્થીને સહાયનું ચુકવણુ કરવા માટેની પધ્ધતિમાં જણાવુ તો,**

જિલ્લા પશુપાલન અધિકારી દ્ધારા ઉક્ત અરજીના ઓનલાઇન ક્લેઇમ અને વેરીફિકેશન બરાબર જણાય તો લાભાર્થીને સહાય માટેના ઓનલાઇન ચુકવણા આદેશ કાઢી સહાયનુ ડી.બી.ટી થી ચુકવણુ કરવામાં આવે છે.

**માન.ધારાસભ્યશ્રી પી.સી.બરંડા (ભિલોડા)**

**અગ્રતા –૫**

**પ્રશ્ન :૩** આ યોજના હેઠળ લાભાર્થીએ બકરાંની ખરીદી કેવી રીતે કરવાની હોય છે? અને કેટલી ઉંમરના બકરાં ખરીદ કરવાના થાય છે?

**જવાબ:** **માન. અધ્યક્ષશ્રી,**

**માન. સભ્યશ્રીના પ્રશ્ન એકના જવાબમાં જણાવું તો..**

આ યોજનાના બકરાંની ખરીદી માટે સંબંધિત જીલ્લા પશુપાલન અધિકારીશ્રી દ્ધારા તાલુકા લેવલની સ્થાનિક ખરીદ સમિતિ બનાવી આપવાની રહે છે.લાભાર્થીએ યોજના હેઠળ બકરાની ખરીદી આ ખરીદ સમિતિ મારફતે જ કરવાની રહે છે.

**માન. અધ્યક્ષશ્રી સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવુ તો.**

દરેક લાભાર્થીઓને સહાયની યોજના હેઠળ ૧૦ બકરી અને ૧ નર બકરાનું યુનિટ આપવાનુ રહે છે. બકરીઓ ૧ થી ૨ વર્ષસુધીની ઉંમરની તથા બકરો ૨ થી ૩ વર્ષની ઉંમરનો ખરીદવાનો રહે છે.